# શ્રી સંદિપ દેસાઈ માન. ધારાસભ્યશ્રીની સ્પીચ

માન. અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહમાં હું ગુજરાત રાજયના સહકારી ક્ષેત્રની વાત મુકવા ઉપસ્થિત થયો છુ.

માન.અધ્યક્ષશ્રી, આપણે સવારે જયારે આપણા દિવસની શરુઆત ચા થી કરીએ છીએ. જયારે એ શરુઆતનો ભાગ સહકારી ક્ષેત્રના યોગદાનથી જ થાય છે કેમકે, આપણને ચા માં ખાંડ અને દૂધ પુરૂં પાડવાની કામગીરી જો કોઈ કરતું હોય તો તે સહકારી ક્ષેત્ર જ છે. રાજયમાં આજે ૧૫ કારખાના સહકારી ક્ષેત્રે અને ૨ ખાનગી ક્ષેત્રે કાર્યરત છે. જેનું ટર્ન ઓવર રૂ.૪,૦૦૦/- કરોડથી વધુનું છે.માન. અધ્યક્ષશ્રી, ગુજરાતનું સહકારી ક્ષેત્ર એ ૧૦૦ વર્ષથી પણ જુનું છે. પરંતુ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારથી આવી ત્યારથી તેને સહકારી ક્ષેત્રને વેગવંતુ બનાવવા અઢળક પ્રયાસો કર્યા છે. ગુજરાતમા આજે ૮૭,૦૦૦/- થી વધુ વિવિધ પ્રકારની સહકારી મંડળીઓ આવેલ છે.ગુજરાતનું સહકારી ક્ષેત્ર એટલે અલગ અલગ

ભાગોમાં વહેંચાયેલું છે કે જે એને વિસ્તારપૂર્વક ચર્ચા કરવામા આવે તો કદાચ આ સન્માનનીય ગૃહનો બજેટ સત્રનો સંપૂર્ણ સમય પણ ઓછો પડે. ગુજરાતના સહકારી ક્ષેત્રની શરુઆત તો ભારતમાં ૧૯૦૪ મા આવેલ ધિરાણ સહકારી મંડળીઓના કાયદા પહેલાથી જ શરુઆત થયેલ છે. અને આજે એ ગામમાં ખેડૂતોને ખેતી માટે પાક ધિરાણ, ખાતર, બીયારણ , જંતુનાશક દવાઓ વિવિધ પ્રકારના ઓજારો વગેરેની જરુરીયાત માટેનો એક માત્ર સ્ત્રોત એટલે ગામની સેવા સહકારી મંડળીઓ. રાજયમાં આજે ૧૦,૦૦૦ થી વધુ સેવા સહકારી મંડળીઓ આવેલ છે. આ ગામની સેવા સહકારી મંડળીઓને મજબુત કરવાનું કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આપણા માન. વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી માન. નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતમાં હતા ત્યારે સહકારી ધિરાણ માળખા સંબંધીત કાયદામાં સુધારો લાવીને ધિરાણ ક્ષેત્રને વધુ મજબુત કરવા મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું. માન. અધ્યક્ષશ્રી, આવી સહકારી મંડળીઓને જંત્રીના ૧૦% ભાવે જમીન મળી રહે તેવી જોગવાઈ અમારા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. અને આ જમીન પર ગોડાઉન બનાવવા માટે

૭૩% સુધીની સબસીડી આપવાની પણ યોજના અમલમાં મુકી છે. ત્યારે આજે તમે નાનામા નાના ગામોમા જાવ તો ત્યા સહકારી મંડળી એકમાત્ર એવું સ્થળ ગામમા મળી રહેશે કે જે લોકોની સેવા માટેનું મહત્વપૂર્ણ સ્થાન હોય. આજે મને એ વાતની ખુશી છે કે રાજયના ઘણા એવા ગામો કે જે ખુબ અંતરીયાળ હોવા છતા અને એ ગામો સુધી સંપર્ક કરવો પણ ઘણીવાર મુશ્કેલી પડી શકે તેમ હોવા છતા ત્યાં સહકારી મંડળીઓ ગામમાં જરુરી સ્ટોરેજ ક્ષમતા ઉભી કરવા મજબુત ગોડાઉન બનાવેલું છે. જે જોઈને મારુ મન હર્ષની લાગણી અનુભવું છે. રાજયના સહકારી ધિરાણ માળખા સાથે જોડાયેલ ૧૮ જિલ્લા મધ્યસ્થ બેંકોના આજે રૂ.૩૪,૪૪૬ કરોડ થી વધુની ડીપોઝીટ આવેલ છે. જે રાજયની સહકારી સંસ્થાઓ ઉપર વિશ્વનીયતા દર્શાવે છે. જયારે સહકારી ક્ષેત્રની વાત આવે ત્યારે અમૂલની વાત ગુજરાત નહી, ભારત નહી પણ આખા વિશ્વમાં ચર્ચા સ્થાને રહી છે. જો હું બનાસકાઠા જાવ ત્યારે મને વર્ષો પહેલાનું બનાસકાંઠા અને આજના બનાસકાંઠામાં જમીન આસમાનનો તફાવત જોવા મળે છે. આ તફાવત એ બનાસકાંઠાની સહકારી કામગીરીના કારણે થયો છે. બનાસ ડેરી જે સમયે દુધ એકત્રિત

કરવામાં આંકડાઓ આધારીત વિગતો જોતા આપણે એને ધ્યાને પણ લેતા ન હતા. પરંતુ આજે અમુક દિવસોથી પ્રતિ દિન ૮૦ લાખ લીટર જેટલું દુધ એકત્રિત કરી અને નવા કીર્તીમાન સ્થાપિત કર્યું છે. માન. અધ્યક્ષશ્રી, જયારે કોઈ મલ્ટી નેશનલ કંપનીઓ આખા ગુજરાતમાં આવે ત્યારે  આપણે હર્ષ સાથે ગર્વની લાગણી અનુભવીએ છીએ. અને એમ જણાય છે કે એનાથી આપણને ખુબ મોટી રોજગારીની તકો મળશે. પરંતુ હુ આજે આ સન્માનનીય ગૃહમા દૃઢતાપૂર્વક કહી શકું કે રાજયનું સહકારી માળખા જેટલી રોજગારી આપી શકે તેટલી કદાચ મોટામા મોટી કંપની પણ ન આપી શકે. આ વાત હું એટલા માટે મુકું છું કે ગામડાની રોજગારીની સ્થિતિ  જોઈએ તો ભાઈઓ તો પોતાના વ્યવસાયમાં રોકાયેલા હોય છે. પરંતુ ગામડાની બહેનો પશુપાલન અને દુધના વ્યવસાયથી પોતાનું ઘર ચલાવવા સક્ષમ બની છે. રાજયમાં ૧૬,૦૦૦ થી પણ વધુ દુધ સહકારી મંડળીઓ આવેલ છે અને આજે તેઓની સર્વોચ્ચ સંસ્થા જી.સી.એમ.એમ.એફ. નું ટર્ન ઓવર રૂ.૬૨,૦૦૦/- કરોડથી વધુનું છે. અને આ બધુ જ સહકારી ક્ષેત્રનું યોગદાન છે.

માન. અધ્યક્ષશ્રી, હું સુરતની વાત કરૂં , અમદાવાદની વાત કરુ , વડોદરા કે રાજકોટ કે કોઈપણ મોટા શહેરોમા જો આપ સડક માર્ગે મુસાફરી કરશો તો આપને જાણમા આવશે કે રાજયના ખૂણે ખૂણે સહકારી નાગરીક બેંકો સ્થપાયેલી છે અને હાલના આ સમયમાં આ નાગરીક બેંકોને વધુ મજબુત અને જવાબદેહી બનાવવામા આવે છે. રાજયના સામાન્ય વ્યકિતને જયારે ધિરાણની જરુરીયાત હોય ત્યારે ક્રેડીટ સહકારી મંડળી એ આપણું સૌથી પહેલું મહત્વનું સ્થાન હોય છે કે જે તેના સુખ દુ:ખમા ધિરાણ પુરૂં પાડે છે આપને અને આ સન્માનનીય ગૃહને આ વાત જાણીને નવાઈ લાગશે અને આનંદ પણ થશે કે બાળકો પણ સહકારી મંડળીઓ સાથે જોડાયેલા છે. સાબરકાંઠામા બાળ ગોપાલ બચત સહકારી મંડળી સ્થપાઈ પણ છે અને આજે સારી રીતે કાર્યરણ પણ છે. વર્ષ ૨૦૦૯ મા બનેલ આ બાળ ગોપાલ મંડળી આજે બાળ બેંક તરીકે જાણીતી છે. જેમા એક દિવસની ઉંમરના બાળકથી લઈ અને ૧૮ વર્ષની ઉંમર સુધીનો તરૂણ સભ્ય થઈ શકે છે. જયારે એ બેંકમા ઉચ્ચ અભ્યાસ માટે નજીવા દરે લોન સુવિધા, બાળ સમૃધ્ધિ ડીપોઝીટ પર ઓવર ડ્રાફટની સુવિધા જેવી વિવિધ યોજનાઓ

અમલમાં મુકવામાં આવેલ છે. રાજયમાં આજે ૨૧૦ થી વધુ નાગરીક બેંકો આવેલ છે. જેમા સભાસદોની રૂ.૭૬,૯૦૨/- કરોડથી વધુની ડીપોઝીટ મુકવામાં આવેલ છે.

માન. અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેડૂતો જયારે પણ પોતાનો પાક વેચાણ કરવા માંગતા હોય ત્યારે એ પાક ફકતને ફકત બજાર સમિતિ મારફતે જ વેચાણ કરવાનો આગ્રહ રાખે છે કારણ કે તેમને આ માળખામા વિશ્વાસ છે. અને આ ખેડૂતોની સંસ્થાઓ આપણા રાજયની ૨૨૪ બજાર સમિતિઓની આવક આજે 300 કરોડ રૂપિયાની પણ વધુ થાય છે. રાજયની બજાર સમિતિમાં આજે વિવિધ જણસીઓનું ટર્નઓવર રૂ.૪૨,000/- કરોડથી પણ વધુનું છે. આ સહકારી ક્ષેત્ર માળખુ જ છે કે જે બજાર સમિતિમા કોઈ વી.આઈ.પી./ વી.વી.આઈ.પી. માટે નહી પણ ખેડૂતો માટે ગેસ્ટ હાઉસ બનાવે છે. ખેડૂતો માટે કેન્ટીન બનાવે છે. ખેડૂતો માટે પ્રદર્શન કેન્દ્રો બનાવે છે. અને ખેડૂતો માટે ગોડાઉન બનાવે છે. આજે જયારે ગુજરાતમાં સહકારી માળખાની ચર્ચા કરતા હોઈએ ત્યારે હુ એક વાત ચોકકસ કહીશ કે કેન્દ્રમા માન.

નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને માન. અમીતભાઈ શાહની સાથે સાથે ગુજરાતમા માન. ભુપેન્દ્રભાઈ પટેલ અને માન. જગદીશભાઈ વિશ્વકર્મા એ બજાર સમિતિઓને મજબુત કરવા નવા સ્વપ્નો જોયા છે. અને ફકત સ્વપ્ન જોયા નહી પરંતુ તેને સાકાર કરવા બજાર સમિતિઓમાં કૃષિ મોલ અને બજાર સમિતિમા કોમ્પ્યુટરાઈઝ કરવાની પણ યોજનાઓ લઈને આવ્યા છે.

માન. અધ્યક્ષશ્રી, ગુજરાતના સહકારી માળખાનું નિયમન ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ હેઠળ કરવામા આવે છે. ત્યારે બજાર સમિતિઓનું નિયમન ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ-૧૯૬૩ હેઠળ કરવામા આવે છે. અને આજે સન્માનનીય ગૃહના આ પહેલાના સત્રમાં અને બજાર સમિતિઓને મજબુત કરવા માટે કાયદો લાવવામા આવ્યો છે.

માન. અધ્યક્ષશ્રી, આપણે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત અને ગુજરાતના ગામડાઓને જેટલા નજદીકથી જોયા છે અને પારખ્યા છે. તેને ધ્યાને લઈ તેઓએ એક વાત નકકી કરી કે જયારે

ગુજરાતના ગામડાઓને મજબુત કરવા હશે તો સહકારી ક્ષેત્રને મજબુત કરવું પડશે. આજે સમગ્ર ભારતના ગામડાઓને મજબુત કરવા માટે સહકારી ક્ષેત્રને મજબુત કરવાનું બીડું ઝડપ્યું છે અને જયારે તેની જવાબદારી માન. અમીતભાઈ શાહને આપી છે ત્યારે એક પછી એક એવા નિર્ણયો ભારતના સહકાર મંત્રાલયે કર્યા છે. જેનો લાભ આજે ગ્રામ્યની સેવા સહકારી મંડળીઓ, અર્બન બેંકો, ખેતી બેંક તેમજ ઘણી બધી સહકારી મંડળીઓ થકી તેમના લાખો સભાસદોને લાભ મળી રહ્યો છે.